ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૬/૨૩–૨૪/ ૨૪૪ તારીખ : 16 MAR 2024

**આર.પી.એ.ડી.**

કેસ નં.૭૬/૨૩–૨૪

પ્રતિ,
**મે.ઉમા સ્પ્રિંગ પ્રા.લી.**
પ્લોટ નં–૧૫, જીઆઈડીસી,
ફેઈઝ–૧, આંબાવાડી, વઢવાણ સીટી,
સુરેન્દ્રનગર–૩૬૩ ૦૩૫

મો.નં– ૯૯૯૮૪૦૯૬૬૯

**વિષય : બીલ બાબતે.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૦/૦૧/૨૦૨૪ જે અત્રેની કચેરીને મળ્યા તા.૩૦/૦૧/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૬/૨૩–૨૪/૧૦૦ તા.૦૭/૦૨/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૬/૨૩–૨૪/૧૫૨ તા.૨૧/૦૨/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૪/૦૩/૨૦૨૪ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

OK

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **શહેર પેટા વિભાગીય કચેરી–૨,** સુરેન્દ્રનગર.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૬/૨૩-૨૪/ ૨૪૪ તારીખ : 16 MAR 2024

**આર.પી.એ.ડી.**

કેસ નં.૭૬/૨૩-૨૪

પ્રતિ,
**મે.ઉમા સ્પ્રિંગ પ્રા.લી.**
પ્લોટ નં-૧૫, જીઆઈડીસી,
ફેઈઝ-૧, આંબાવાડી, વઢવાણ સીટી,
સુરેન્દ્રનગર-૩૬૩ ૦૩૫

મો.નં- ૯૯૯૮૪૦૯૬૬૯

**વિષય : બીલ બાબતે.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૦/૦૧/૨૦૨૪ જે અત્રેની કચેરીને મળ્યા તા.૩૦/૦૧/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૬/૨૩-૨૪/૧૦૦ તા.૦૭/૦૨/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૬/૨૩-૨૪/૧૫૨ તા.૨૧/૦૨/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૪/૦૩/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **શહેર પેટા વિભાગીય કચેરી-૨,**
સુરેન્દ્રનગર.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૭૬/૨૩-૨૪** ☜

**વાદી** :– **મે.ઉમા સ્પ્રિંગ પ્રા.લી.**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૦૪/૦૩/૨૦૨૪** ◈

હાજર રહયા :– **શ્રી તેજસભાઈ ભીખાભાઈ પટેલ (વાદી ના અધિકૃત પ્રતિનિધિ)**
પ્રતિવાદી :– **શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે.ઉમા સ્પ્રિગ પ્રા.લી., મું.વઢવાણ, તા.જી.સુરેન્દ્રનગરની કોન્ટ્રેકટેડ લોડમાં લોડ વધારો કરી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૬/૨૩-૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૭૬/૨૩-૨૪/૧૦૦ તા.૦૭/૦૨/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૪/૦૩/૨૦૨૪** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી મે.ઉમા સ્પ્રિંગ પ્રા.લી વતી તેમના **અધિકૃત પ્રતિનિધિ શ્રી તેજસભાઈ ભીખાભાઈ પટેલ** હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ મે.ઉમા સ્પ્રિંગ પ્રા.લી., સુરેન્દ્રનગર શહેર-૨ પેટા વિભાગીય કચેરીના ગ્રાહક છે. તેઓ ગ્રાહક નં–૭૨૬૦૧/૨૦૭૫૮/૨ થી ૧૦૦ કિ.વો નું ઔધોગીક વિજ કનેકશન ધરાવે છે.

૧.૨ વાદીની રજૂઆત છે કે, તેઓને વીજ કચેરી દ્વારા તા.૦૮/૦૫/૨૦૨૩ ના રોજ સદર વીજ જોડાણમાં વીજ વપરાશ વધુ આવતો હોય વીજભારમાં વધારો કરવા નોટીસ આપવામાં આવેલ હતી.

૧.૩ વાદીની રજૂઆત છે કે, અમારો વીજ વપરાશ માહે ફેબ્રુઆરી,માર્ચ અને જુલાઈમાં વધારો થયેલ છે. પણ ત્યારબાદ, અમો દ્વારા જુની મોટર બદલવી, પ્રોડકશન પેટર્ન વગેરે બદલાવેલ છે અને અમો દ્વારા વિજ વપરાશમાં ઘટાડો કરવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૪ વાદી જણાવે છે કે, માહે એપ્રિલ–૨૩ થી જાન્યુઆરી–૨૪ સુધીના સમયમાં અમારો વીજ ભાર ૧૦૦ ની ઉપર ગયેલ નથી. જેથી હવે અમોને હવે એચ.ટી.વીજ જોડાણમાં તબદીલ કરવા માટેના નિયમમાં આવતા નથી. તેમજ તેઓ જણાવે છે કે, હવે પછી અમારો વીજભાર કયારેય વધશે નહી અને જો ભવિષ્યમાં વધશે તો અમે વીજભાર વધારો કરવા માટે અરજી કરીશું.

૧.૫ વાદી જણાવે છે કે, સદર બાબતે મારી રજૂઆત ઘ્યાને લઈ વીજભાર વધારવા માટેની નોટીસ રદ કરવી અથવા પીજીવીસીએલ ના પરિપત્ર નં–PGVCL/R&C/1910 DTD.19.03.2022 મુજબ બે વર્ષનો મીનીમમ ચાર્જ ભરપાઈ કરીશું.

**<u>પ્રતિવાદીશ્રીની રજૂઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ મે.ઉમા સ્પ્રિંગ પ્રા.લી., સુરેન્દ્રનગર શહેર–૨ પેટા વિભાગીય કચેરીના ગ્રાહક છે. તેઓ ગ્રાહક નં–૭૨૬૦૧/૨૦૭૫૮/૨ થી ૧૦૦ કિ.વો.નું ઔદ્યોગીક વિજ કનેકશન ધરાવે છે.

૨.૨ સપ્લાય કોડ–૨૦૧૫ ની શરત ૪.૯૫ મુજબ સદર ગ્રાહકને વીજભાર વધારો કરવાનો થાય છે.

'' સપ્લાય કોડ ની શરત નં–૪.૯૫ મુજબ માંગ આધારીત એલ.ટી.વીજ જોડાણના કેસોમાં જો નોંધાયેલ અધિકતમ માંગ, છેલ્લા નાણાંકીય વર્ષ દરમ્યાન ઓછામાં ઓછું ૪ વખત ૫ % કે તેથી વધુ કરાર માંગ થી વધેલ હોય તો, પરવાનેદાર ગ્રાહકને વીજભાર વધારા માટે અરજી પત્રક રજૂ કરવા 30 દિવસની નોટીસ આપશે. નોટીસની મુદત પૂરી થતા સુધી ગ્રાહક પાસેથી કોઈ જવાબ ન આવે તો પરવાનેદાર છેલ્લા નાણાંકીય વર્ષમાં ગ્રાહકના એમ.ડી.આઈ.મીટરે દર્શાવેલ અધિકતમ ચાર રેકોર્ડીંગ ની સરેરાશ મુજબ ગ્રાહકની કરાર માંગ વધારવાની કાર્યવાહી શરૂ કરશે. આવા કેસમાં વધારેલી માંગ નિયમીત કરવા ગ્રાહક આ સંહિતાની જોગવાઈઓ અનુસાર લાગુ પડતા તમામ ખર્ચ ચૂકવવા જવાબદાર બનશે. આવા ખર્ચ મળતા વધારેલી માંગને સુધારેલી કરાર માંગ ગણવામાં આવશે અને કરારની બધી જોગવાઈઓ સુધારેલી કરાર માંગ માટે આવા ગ્રાહકોને લાગુ પડશે.''

૨.૩ વાદીએ નાણાંકીય વર્ષ–૨૦૨૨–૨૩ માં એપ્રિલ–૨૨ માં ૧૧૦, ઓગષ્ટ–૨૨ માં ૧૧૦, ફેબ્રુઆરી –૨૩ માં ૧૧૨ અને માર્ચ–૨૦૨૩ માં ૧૧૩ વીજભારનો વપરાશ નોંધાયેલ છે. જે લેજરમાં પણ જોવા મળે છે. જે અન્વયે, સપ્લાય કોડ ની શરત ૪.૯૫ મુજબ વાદીને ૧૦૦ કિ.વો માંથી ૧૧૧.૨૫ કિ.વો નો (એચ.ટી.કેટેગરી) વીજભાર વધારો કરવા માટે સુરેન્દ્રનગર શહેર –૨ પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૦૮/૦૫/૨૦૨૩ ના રોજ નોટીસ આપવામાં આવેલ હતી.

૨.૪ વાદીએ વીજભાર વધારા માટેની નોટીસ મળ્યા બાદ વીજભાર વધારવા માટે કોઈપણ અરજી કરેલ નહી હોવાથી સપ્લાય કોડની શરત ૪.૯૫ મુજબ અંદાજપત્ર આપવા માટેની કામગીરી કરવામાં આવેલ હતી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૫ સદર ગ્રાહકમાં એલ.ટી.માંથી એચ.ટી.વિજ જોડાણ કરવા માટે વર્તુળ કચેરી ખાતે ફાઈલ મોકલતા તેમના દ્વારા એસએનસી/ટેક–૧/૩૭૪૮ તા.૨૮/૧૨/૨૦૨૩ ના રોજ ૧૦૦ કિ.વો માંથી ૧૧૫ કેવીએ કરવા માટે મંજૂરી આપવામાં આવેલ હતી.

૨.૬ વાદીને વીજભાર કરતા વધુ વીજભારનો વીજ વપરાશ કરેલ હોવાથી વિભાગીય કચેરી દ્વારા પત્ર નં એસએનડી / ટેક–૨/૮ થી તા.૦૨/૦૧/૨૦૨૪ ના રોજ વાદીને રૂા.૪,૧૬,૭૦૧/– નું અંદાજપત્ર આપવામાં આવેલ હતું. જે વાદીએ ભરવાનું થાય છે. જે આપ સાહેબની જાણ સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી મે.ઉમા સ્પ્રિંગ પ્રા.લી., ગ્રાહક નં–૭૨૬૦૧/૨૦૭૫૮/૨ થી ૧૦૦ કિ.વો નું ઔધોગીક વીજ કનેકશન ધરાવે છે. તથા પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા લોડ વધારાને લઈને તેમના તા. ૦૨/૦૧/૨૦૨૪ ના પત્રથી આવેલ રૂા.૪,૧૬,૭૦૧/– નું અંદાજપત્ર આપવામાં આવતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજ તા.૦૪/૦૩/૨૦૨૪ ના રોજની રૂબરૂ સુનાવણીમાં બંને પક્ષકારોએ હાજર રહી પોત પોતાની રજૂઆતો કરેલ છે.

૩.૩ પ્રતિવાદીની રજૂઆત મુજબ, વાદી દ્વારા વર્ષ–૨૦૨૨–૨૩ માં એપ્રિલ–૨૨ માં ૧૧૦ ઓગષ્ટ–૨૨ માં ૧૧૦, ફેબ્રુઆરી–૨૩ માં ૧૧૨ અને માર્ચ–૨૩ માં ૧૧૩ કેવીએ નો વીજ વપરાશ નોંધાયેલ છે.

જે અંગે પ્રતિવાદી દ્વારા વાદીના કનેકશનને એચ.ટી.કનેકશનમાં ફેરવવા અંગેની નોટીસ તા.૦૮/૦૫/૨૦૨૩ થી આપવામાં આવેલ, જે અંગે વાદી દ્વારા કોઈ કાર્યવાહી ન થતાં, પ્રતિવાદી દ્વારા તેમના પત્ર નંબર–૩૭૪૮ તા.૦૨/૦૧/૨૦૨૪ થી વાદીને રૂા.૪,૧૬,૭૦૧/– નું અંદાજપત્ર આપવામાં આવેલ છે. જેની સામે વાદીએ ૨ વર્ષનું મીનીમમ ભરીને લોડ રેગ્યુલર કરવાનું તેમની અરજી/રજૂઆતમાં જણાવેલ છે.

૩.૪ રજૂ થયેલ રેકર્ડ અને રજૂઆતોને ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, પ્રતિવાદી દ્વારા વાદીના લોડ વધારા અંગેની કરવામાં આવેલ બીલીંગની કાર્યવાહી જીઈઆરસી ના સપ્લાય કોડ–૨૦૧૫ ની કલોઝ–૪.૯૫ મુજબ ની અને નિયમોનુસાર છે.

૩.૫ આ તબક્કે પ્રતિવાદીની વડી કચેરી રાજકોટ ના પત્રન. ૧૯૧૦ તા. ૧૯.૦૩.૨૦૨૨ માં દર્શાવેલ સુચના ને પણ ધ્યાનમાં લેવામાં આવે છે જે નીચે મુજબ છે.

**" In such cases, we may allow such consumers with their current cotrract demand or contract demand within 100 KW by recovering differential fixed/demand charges for contract demand that would have been as per clause no. 4.95 of Supply Code and consumer desires to continue with the contract demand for period of two years i.e. agreement period. Afterwards, on single instance of excess drawl than contrct demand, consumer has to regularize its contract demand."**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૬ ઉપરોક્ત મુજબની તમામ વિગતો અને પત્રવ્યવહાર તેમજ રજુઆતોને ધ્યાને લેતા અરજદારે પોતાનું વીજજોડાણ પીજીવીસીએલ દ્વારા અપાયેલ એસ્ટીમેટ ભરપાઈ કરીને ગણતરી કરેલ લોડ મુજબ રેગ્યુલરરાઈઝ કરવાનું રહેશે અથવા લોડ મુજબ બે વર્ષ નો મીનીમમ ચાર્જ ભરપાઈ કરીને, ઉપરોક્ત ૩.૬ ની વિગતે બાહેંધરીપત્ર રજુ કરી લોડ મેઈન્ટેન કરવાનો રહેશે. આ સમગ્ર પ્રક્રિયા દિન – દસ માં પૂર્ણ કરવાની રહેશે.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(બી.આર.વડાવીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૦૪/૦૩/૨૦૨૪.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar